રાજેન્દ્રનગરમાં હર ઘર તિરંગા અંતર્ગત ગ્રામસભા યોજાઈ

ભારત દેશની આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થતાં સરકાર દ્વારા ઉજવાઈ રહેલા આઝાદી કા અમૃત મહોત્સવ દરમિયાન આગામી તા:૧૩ ઑગસ્ટ થી ૧૫ ઑગસ્ટ સુધી હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત રાજેન્દ્રનગર ગ્રામ પંચાયતમાં ગામ સભાનું આયોજન સમરસ ગ્રામ પંચાયત ના સરપંચ પ્રભુદાસ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં સરકારની આ ઉજવણીમાં સહભાગી બની દરેક ઘરે આન, બાપ અને શાન સાથે ત્રિરંગા ફરકાવી ઉલ્લાસભેર ઉજવણી કરવા અપીલ કરવામાં આવી હતી. આ ઉપરાંત ગામની આંગણવાડીઓના પ્રશ્નો તથા અન્ય રજૂઆતો અંગે ચર્ચા- વિચારણા કરી તેને હલ કરવા ખાતરી અપાઈ હતી. જોકે ગ્રામસભામાં પાંખી હાજરી જોવા મળી હતી. ગ્રામજનો દ્વારા ગામના વિકાસ માટે વિશેષ આયોજન કરવા રજૂઆત કરવામાં આવી હતી.

પાલનપુરમાં ટ્રાવેલ્સની ટિકિટ બુક કરતાં ભાઈએ ભાઈના પેટ ઉપર બટકું ભરી લીધુ...

પાલનપુર એરોમા સર્કલે ખાનગી ટ્રાવેલ્સની ટિકિટ બુક કરવાના મુદ્દે દિયર અને તેમના ભાઈ- ભાભી વચ્ચે મારામારી થઈ હતી. જેમાં મોટાભાઈએ તેના નાનાભાઈના પેટ ઉપર બચકું ભરી લીધુ હતુ. તેમજ ભાભીએ ગડદાપાટુનો મારમાર્યો હતો. આ અંગે સામસામે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,પાલનપુર હરિઓમ સોસાયટીમાં રહેતા નયનાબેન અને તેમના પતિ પ્રવિણભાઇ દિલીપભાઇ તોલાની એરોમા સર્કલે ખાનગી ટ્રાવેલ્સની ટિકિટ બુક કરે છે. જ્યાં ગુરૂવારે સાંજે એક મુસાફરે ફોન કરી ટિકિટ બુક કરાવી હતી. અને બસ આવવાની તૈયારી હોઇ પ્રવિણભાઇએ જલ્દી આવવાનું કહ્યુ હતુ. જોકે, મુસાફરે તેમના ટેબલની બાજુમાં તેમના દિયર ભરતભાઇ દિલીપભાઇ તોલાની પાસે ટિકિટ બુક કરાવી દીધી હતી. આથી આ અંગે કહેવા જતાં ભરતભાઇએ તેમના ભાભી નયનાબેન અને ભાઇ ઉપર ઉશ્કેરાઇ જઇ લાફો તેમજ ગડદાપાટુનો મારમારી ઇજાઓ પહોચાડી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે નયનાબેને પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જ્યારે સામે ભરતભાઇએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતુ કે, પ્રવિણભાઇ અને નયનાબેને મારા મુસાફરોની ટિકિટ કેમ તે બુક કરી તેમ કહી પ્રવિણભાઇએ તેમના પેટ ઉપર બચકું ભરી લીધું હતુ. જ્યારે ભાભીએ ગડદાપાટુનો મારમારી બંનેએ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં વધુ એક યુવાનની કરપીણ હત્યા

બનાસકાંઠા જિલ્લાના વેપારી અને તાલુકા મથક ડીસામાં જુનાડીસા બાદ રાણપુર ગામે આજે વધુ એક યુવકની લાશ મળી આવી છે.જેમાં રાણપુર વચલા ગામ ખાતે રહેતા આશાસ્પદ યુવક પોપટજી ઠાકોરને કોઈ અજાણ્યા શખ્સોએ તીક્ષણ હથિયારના ઘા માર્યા હતા. જેથી તેનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું .જે બાદ હત્યારાઓ તેની લાશને ગામના હનુમાનજીના મંદિર પાસે ફેંકી ફરાર થઈ ગયા હતા. યુવકની હત્યા થઈ હોવાના પગલે મોટી સંખ્યામાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.બાદમાં તાત્કાલિક ડીસા તાલુકા પોલીસને જાણ કરતા પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી અને પોલીસે મૃતક યુવકની લાશને ડીસા સિવિલમાં પીએમ અર્થે ખસેડી હત્યારાઓને પકડવાની તજવીજ હાથ ધરી છે.ચારેક દિવસ અગાઉ જુનાડીસા ગામે મળી આવેલ લાશનો ભેદ ઉકેલાયો નથી ત્યાં વધુ એક લાશ મળી આવતા અવનવા તર્ક વિતર્કો ઉઠવા પામ્યા છે.

પ્રાંતિજના તાજપુર કુઈ ખાતે રાત્રીના તસ્કરો ત્રાટક્યા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તાજપુર કુઈ ઉપર એકજ રાત્રીમા એક બેંક તથા એક હાર્ડવેર ની દુકાન નુ તાળુ તૂટયુ દુકાન માલિક સહિત બેંક મેનેજરે પ્રાંતિજ પોલીસ ને જાણ કરી. ચિલોડા-હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ પ્રાંતિજ ના તાજપુર કુઈ ખાતે તારીખ ૨૯ મી ના રાત્રીએ તસ્કરોએ બંસી ટ્રેડર્સ નામ ની હાર્ડવેર ની દુકાન નુ તાળુ તોડી એક સાઈડ થી દુકાન નુ શટલ ઉચુ કરી દુકાન મા પ્રવેશ કર્યો હતો અને અને દુકાન મા રહેલ સરસામાન વેરવિખેર કર્યો હતો તો દુકાન મા લાગેલ પાંચ સીસીટીવી કેમેરા પણ તસ્કરોએ ફોડી નાખ્યા હતા અને દુકાન મા રહેલ કેમેરા નુ ડીવીઆર ઉઠાવી ગયા હતા તો બંસી ટ્રેડર્સ ગલ્લા માથી રોકડ રકમ સહિત કુલ-૨૫૦૦ ની મત્તાની ચોરી કરી પલાયન થયા હતા જયારે દેના ગુજરાત ગ્રામીણ બેંક નુ તાળુતોડી તસ્કરો બેંક મા પ્રવેશ કરી સરસામાન વેરવિખેર કર્યો હતો તો સૂત્રોદ્વારા મળતી માહિતી મુજબ બેંક લાગેલ સીસીટીવી કેમેરા પણ તસ્કરોએ તોડી નાખ્યા છે અને ડીવીઆર સાથે લઈ ગયા છે તો સુત્રો દ્વારા એ પણ જાણવા મળ્યુ છેકે અગાઉ પણ આ બેંક નુ તાળુ ટુટયુ હતુ પણ બેંક દ્વારા કોઈ સિકયુરી ગાર્ડ રાખવામા આવેલ નથી તો ચોરી અંગે બેંક મા ટેલિફોન પુછતા બેંક કર્મચારીઓ એકબીજા ઉપર ખો આપતા જોવા મલ્યા હતા તો બેંક મેનેજર નો ટેલિફોનિક સંપર્ક કરતા તેવો સાંજ સુધી ફોન ઉપાડ્યો નહતો ત્યારે હાલતો બેંક માથી શુ ગયુ એતો બેંક મેનેજર દ્વારા પોલીસ ફરીયાદ કરવામા આવશે ત્યાર બાદજ ખબર પડશે ત્યારે હાલતો મોડે સુધી વેપારી કે બેંક મેનેજર દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ફરીયાદ થઈ નથી ત્યારે દુકાન સહિત બેંકમા ચોરી થતા આજુબાજુમા આવેલ દુકાન માલિકો સહિત તાજપુર કુઈ ગામજનો મા હાલતો ભંય નો માહોલ છે અને રાત્રીનો પોલીસ પેટ્રોલિંગ સઘન કરવામા આવે તેવી માંગ છે.

અરવલ્લી ભાજપ સંગઠનની કામગીરી સામે ૬ તાલુકાના હજારો કાર્યકરોમાં રોષ

પ્રદેશ પ્રમુખ અને ઝોન મહામંત્રી સાચી વિગતો મેળવે, વ્હાલા-દવાલા અને સગાવાદને પોષતા હોવાનો ગંભીર આરોપ

ગાંધીનગર, તા.૩૦

અરવલ્લી ભાજપ સંગઠનની કામગીરી સામે ૬ તાલુકાના હજારો કાર્યકરોમાં રોષ વ્યાપ્યો છે. પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ દરેક કાર્યકર્તાની સાચી રજૂઆતો સાંભળતા હોય છે પરંતુ જિલ્લા સંગઠન દ્વારા અનેક કિસ્સાઓમાં ખોટા બ્રીફીંગ કરીને પ્રદેશ સંગઠનને ગેરમાર્ગે દોરાતું હોવાના ગંભીર આરોપ લાગ્યા છે. પ્રદેશ સંગઠન દ્વારા અરવલ્લી જિલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત અને ૨ નગરપાલિકાના તમામ ભાજપના સદસ્યોને ખાનગીમાં બોલાવીને રિપોર્ટ માંગવામાં આવે તો જિલ્લા સંગઠનના કેટલાક હોદ્દેદારોની મનમાની અને ખરેખર અંદરો અંદર શું ચાલી રહ્યું છે તેનો વિસ્ફોટ સામે આવી શકે છે. શ્રી કમલમ્ અરવલ્લીના લોકાર્પણ પછી સંગઠનના અનેક હોદ્દેદારો જિલ્લો અને કાર્યકરો પોતાની જાગીરી હોય તેવો વર્તાવ કરી રહ્યા છે જે આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને મોટું નુકસાન પહોંચાડી શકે છે.

જિલ્લામાં ભાજપના કેટલાક આગેવાનો સામે કોંગ્રેસના ધારાસભ્યોની ગાડી હંકારવી, કેટલાક અધિકારીઓ પાસે ખોટા કામ કરાવવા તેમજ ભાજપના નિષ્ઠાવાન કાર્યકરોને સાઈડલાઈન કરી પોતાની વાહવાહી કરતા કાર્યકરોને સંગઠનમાં પદ અને પ્રતિષ્ઠા આપી અનેક કાર્યકરોના અપમાન કરવાની સાજીશ છેલ્લા સવા વર્ષથી જિલ્લામાં ચાલી રહી છે. ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠન પ્રમુખ તરીકે સી.આર.પાટીલની પસંદગી થયા પછી તેઓએ દરેક કાર્યકરને વ્યથા અને કોઈ પ્રશ્ન હોય તો રૂબરૂ મળવાની રજૂઆત કરી હતી અને અનેક કાર્યકરોએ પ્રદેશ પ્રમુખ સમક્ષ હૈયાવરાળ ઠાલવી હતી અને કેટલાક પ્રશ્નોના નિરાકરણ આવ્યા છે પરંતુ વર્તમાન જિલ્લા ભાજપ સંગઠનના મોટાભાગના હોદ્દેદારોને ધારાસભ્ય બનવાના અભરખા જાગતાં તેમને નડતરરૂપ હોય તેવા અનેક કાર્યકરોને ખરાબ ચિતરી ઠેકાણે પાડી દેવાનો ખેલ ચાલી રહ્યો છે. પ્રદેશ કક્ષાએથી જિલ્લામાં નિરીક્ષણ માટે આવતા આગેવાનોને પણ ખોટી રીતે ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. જિલ્લાના મોડાસા શહેર, મોડાસા તાલુકા, ભિલોડા, માલપુર, મેઘરજ, બાયડ તાલુકા અને બાયડ શહેર સંગઠનમાં પણ કેટલાક હોદ્દેદારોને ઠેકાણે પાડી દેવાની સાજીશ ચાલી રહી છે. જિલ્લાના ૮ મંડલમાં યોજાતી બેઠકમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં ચાલતા અંધેર વહીવટ અંગે ઉગ્ર ફરિયાદો છતાં પણ જિલ્લા ભાજપ સંગઠન તેને નજર અંદાજ કરીને જે કોઈ કાર્યકરે ફરિયાદ કરી હોય તેની વિગતો મળતિયાઓ સમક્ષ જાહેર કરવામાં આવી રહી છે.

આવી સ્થિતિ ચાલશે તો આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને વર્ષ-૨૦૧૭ ની જેમ જ ત્રણેય બેઠકોથી હાથ ધોઈ નાખવા પડે તેવી સ્થિતિ પેદા થઈ શકે છે. અરવલ્લી ભાજપ સંગઠન ઉપર પ્રદેશ સંગઠને સત્વરે અંકૂશ મૂકવો રહ્યો અન્યથા સ્થિતિ દિવસે દિવસે વધુ ને વધુ બગડે તો નવાઈ પામવા જેવું નહીં હોય.

જિલ્લા ભાજપ પ્રમુખને અનેક કાર્યકરોના સણસણતા સવાલ

- અરવલ્લી જિલ્લા પંચાયતમાં અનેક સભ્યોની વાત સાંભળાતી નથી અને મુખ્ય પદાધિકારીના સબંધીઓ વહીવટ કરતા હોવાના આરોપ લાગ્યા છે તેની તપાસ કરી છે ખરી.
- તાલુકા પંચાયત, નગરપાલિકાના અનેક સભ્યોએ પ્રમુખ સહીત કેટલાક હોદ્દેદારોની મનમાની સામે છેલ્લા ૭, ૮ મહિનાથી લેખિત ફરિયાદો કરી તેમાંથી કેટલાનો ઉકેલ આવ્યો.
- જનરલ સભા અગાઉ સંકલનની બેઠક એજન્ડા કાઢતા અગાઉ યોજવાની સૂચના છતાં તેનો અમલ થાય છે ખરો.
- મોટાભાગની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પ્રમુખોને છૂટો દોર આપવાનું કારણ શું.
- અન્ય હોદ્દેદારોને કામ કરવાનું ન હોય તો તેમના રાજીનામા લઈ લેવા જોઈએ.
- છેલ્લા ૫, ૬ મહીનાથી ભાજપના પ્રભુત્વવાળા બુથમાં પ્રજા અને મતદારોમાં વર્તમાન શાસકો સામે રોષ વ્યાપ્યો છે તે ઓછો કરવાનો પ્રયાસ કર્યો છે ખરો.

અપહરણ અને પોક્સોનો આરોપી નાસી છૂટતાં પોલીસ દોડતી થઈ

ખેડબ્રહ્મા સી.પી.આઈ. કચેરીમાંથી અપહરણનો આરોપી ફરાર

પોલીસ આરોપીને સાચવવામાં નિષ્ફળ રહેતાં બે પોલીસ કર્મીઓ સામે ફરિયાદ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૩૦

ખેડબ્રહ્માની સી.પી.આઈ. કચેરીમાંથી અપહરણ અને પોક્સોનો આરોપી ફરાર થઈ જતાં પોલીસ ઉંધા માથે થઈ છે. ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં અપહરણ તેમજ પોક્સોના ફરાર આરોપીને સી.પી.આઈ. કચેરીમાં જરૂરી કાગળની પૂર્તિ માટે લાવવામાં આવ્યો હતો પરંતુ પોલીસ સાચવવામાં નિષ્ફળ રહી જેથી સી.પી.આઈ. કચેરીના બે પોલીસ કર્મચારીઓ સામે ફરિયાદ નોંધવામાં આવી છે. ફરીથી આરોપી પોલીસને ચકમો આપી ફરાર થઈ જતાં પોલીસ તંત્ર ચર્ચામાં આવ્યું છે.

જિલ્લામાં ગંભીર ગુનાના આરોપી પકડાય એટલે પોલીસ સુરક્ષાની દ્રષ્ટીએ લાપરવાહી દાખવતી હોવાથી આરોપીઓ ફરાર થઈ જવાના કિસ્સા સમયાંતરે બહાર આવતા હોય છે. ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં અપહરણ અને પોક્સોનો કેસ દાખલ થયો હોવાથી સ્થાનિક પોલીસે ખાસ્સી મહેનત કરી રાજસ્થાનના ખાલ ગામના આરોપી લક્ષ્મણ રણછોડભાઈ રોતની ધરપકડ કરી પોલીસ સ્ટેશનમાં લાવી લોકઅપમાં ધકેલ્યો હતો જ્યાં તા.૨૭ના રોજ બપોરે આરોપીને જામા સાથે ખેડબ્રહ્માની સી.પી.આઈ. કચેરીમાં જરૂરી કેસ કાગળ કરવા માટે લઈ જવાયો હતો પરંતુ આરોપી સી.પી.આઈ. કચેરીમાંથી દોટ મૂકીને ફરાર થઈ જતાં પોલીસ અવાક બની હતી. જોત જોતામાં પોલીસ કર્મચારીઓની હાજરી વચ્ચે રાજસ્થાનનો અપહરણ અને પોક્સોનો આરોપી વીજળી વેગે નાસી જતાં કચેરીમાં હડકંપ મચી ગયો હતો. આરોપીને કચેરીમાં લાવ્યા પછી બે પોલીસ કર્મચારીઓની હાજરી છતાં તે ફરાર થઈ ગયો હોવાથી ફરજમાં બેદરકારી દાખવનારા સી.પી.આઈ. કચેરીના અ.હે.કો. વિરેન્દ્રસિંહ રતનસિંહ અને અખિલસિંહ બળવંતસિંહ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. ફરાર આરોપીને પકડવા માટે પોલીસ દ્વારા ઠેર ઠેર નાકાબંધી કરી તપાસ કરવામાં આવી રહી હોવા છતાં ફરાર આરોપી મળી આવ્યો નથી જેથી પોલીસ દ્વારા હવે આરોપીને ફરીથી પકડવા માટે રાજસ્થાનના વિસ્તારોમાં દોડવાની ફરજ પડી છે. બનાવ અંગે ઈન્ચાર્જ સી.પી.આઈ., ડી.પી.ડોડીયાએ ખેડબ્રહ્મા પોલીસ ફરાર આરોપી તેમજ બે પોલીસ કર્મચારીઓ વિરુદ્ધ ફરિયાદ આપી છે.

જિલ્લામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી માટે આયોજન શરુ

અંદ્રોખાના શૈક્ષણિક સંકુલમાં આદિવાસી ડુંગરી ગરાશિયા સમાજની બેઠક યોજાઈ

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૩૦

તા.૯ ઑગષ્ટ વિશ્વ આદિવાસી દિવસ આવી રહ્યો છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વિશ્વ આદિવાસી

દિવસની ઉજવણી માટે આદિવાસી સમાજે બેઠકોનો દોર શરુ કર્યો છે. રવિવારે અંદ્રોખાના શૈક્ષણિક સંકુલમાં આદિવાસી ડુંગરી ગરાશિયા સમાજ આઠમો ગોળ, પોળો જંગલ જનજાગૃતિ અભિયાન અંતરસુંબા, અભાપુર વિસ્તાર, પરોસડા વિસ્તાર, કાલવણ, કેસરપુરા વિસ્તાર, ભાંખરા વિસ્તારના આદિવાસી અગ્રણીઓ અને યુવાઓ તેમાં ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર દર વર્ષે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવે છે. હવે રાષ્ટ્રના સર્વોચ્ચ પદ ઉપર પણ આદિવાસી સમાજના મહિલા દ્રોપદી મુર્મુની નિયુક્તિ થયા પછી આદિવાસી સમાજમાં ખુશાલી છવાઈ છે. ગુજરાતમાં અંબાજી થી ઉમરગામ સુધીના વિસ્તારમાં આદિવાસી સમાજની નોંધપાત્ર વસ્તી રહી છે. છેલ્લા કેટલાય વર્ષથી આદિવાસી સમાજ દ્વારા ૯ ઑગષ્ટ જાહેર રજાની માંગ સાથે આદિવાસી ઉત્થાન માટેની અનેક માંગ દોહરાતું રહ્યું છે. જ્યારે બનાવટી આદિવાસી સર્ટીફીકેટના મામલા પણ ચમકેલા છે. ત્યારે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીના આયોજન માટે અંદ્રોખા આશ્રમના આર. કે. પટેલ એજ્યુકેશન કોલેજ હોલમાં રવિવારે આદિવાસી સમાજના નેજા હેઠળ એક બેઠકનું આયોજન કરાયું હતું જેમાં આદિવાસી દિવસની ઉજવણી અંગે વિસ્તૃતથી ચર્ચા કરવામાં આવી હતી અને આવો સૌ સાથે મળીને આપણા આદિવાસી ઉત્સવને બચાવીએ તેવા નારા લગાવવામાં આવ્યા હતા.

પાલનપુરમાં બીએસએનએલના ખાનગીકરણ સામે કર્મચારીઓનો વિરોધ : કાળીપટ્ટી ધારણ કરી ધરણાં કર્યા

પાલનપુર તા. ૩૦

પાલનપુરમાં બી. એસ. એન. એલ.ના ખાનગીકરણ સહિતના મુદ્દે વિરોધ પ્રદર્શિત કરાયો હતો. જેમણે કાળીપટ્ટી ધારણ કરી ધરણાં કર્યા હતા.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે ,બી. એસ. એન. એલ.ના કર્મચારીઓએ ઓલ યુનિયન્સ એન્ડ એસોસીએશન ઓફ બી. એસ. એન. એલ.ના સેન્ટ્રલ હેડ કવાર્ટરના આદેશાનુસાર ખાનગીકરણની નિતી, ૪જી સ્પ્રેકટમના એલોટમેન્ટ માટેની મુખ્ય માંગણીઓને લઇ કાળીપટ્ટી ધારણ કરવામાં આવી હતી.

અને રિશેષના સમયે મુખ્ય કચેરીએ ધરણાં યોજવામાં આવ્યા હતા. જેમાં એયુએબીના કન્વીનર કોમરેડ મુહંમદ અહેસાન, સર્કલ યુનિયનના પ્રતિનિધિ મહેમુદ સૈયદ, ઉત્તમકુમાર પરમાર, મનીજ દેસાઇ, સંજય ગુપ્તા, એન. જે. ગઢવી, જીતેન્દ્ર મેવાડા, એયુબખાન ધોરી સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સ્મૃતિજી તમે કોને માફી માંગવાનું કહો છો?? જ્યાં ધૃતરાષ્ટ્રની માનસિકતા હોય ત્યાં અપેક્ષા કેવી

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ....?

બાયડ તા.૩૦

બે દિવસ પહેલાજ સંસદના ચોમાસુ સત્રમાં કોંગ્રેસ નેતાના વક્તવ્ય દરમ્યાન અધિરંજન ચૌધરી દ્વારા ભારતના મહામહિમ રાષ્ટ્રપતિજીનું અપમાન કરવામાં આવ્યું!! પ્રત્યાઘાત રૂપે ભાજપના ફાયરબ્રાન્ડ નેતા સ્મૃતિ ઈરાનીજી દ્વારા સંસદમાં જોરદાર વિરોધ નોંધાયો પણ ખરો અને અધિરંજનજીને માફી માંગવાનું પણ કહેવાયું.... પણ સ્મૃતિજી આ લોકો સામે વિરોધ કરે તો પણ તેમના નેતાઓ ધૃતરાષ્ટ્રની જેમ અંધ પણ છે અને બહેરા પણ છે, તેમને કોઈ જ ફરક નથી પડતો....તેમની જોડે દ્રષ્ટિ જ નથી કે તેમણે શુ કરવું જોઈએ કે ના કરવું જોઈએ અથવા શુ બોલવું કે ના બોલવું તેનું પણ ભાન નથી તો તેમની જોડે શુ અપેક્ષા રાખવી??? "રાષ્ટ્રપતિ" એ ભારતના બંધારણીય વડા છે અને તેમનું માન આપણા ભારતના પ્રધાનમંત્રી એટલે કે ભારતના વહીવટી વડા નરેન્દ્રભાઈ મોદીજીએ પણ રાખવું જોઈએ ત્યારે વિરોધ પક્ષમાં બેસનાર એક અધીરો બનેલો નેતા તેમનું અપમાન કરે તે કોઈપણ કાળે સહન ના કરી શકાય!! કોંગ્રેસ નેતા અધિરંજનને એટલી તો ખબર પડવી જોઈએ કે નવનિયુક્ત મહામહિમ દ્રૌપદીજી એક "રાજા" છે!!

વિશ્વના સૌથી મોટા લોકતંત્ર એવા ભારતના "રાજા"!! "રાજા" ધારે તો અધિરંજનની અધીરાઈ અને ઉદ્ધત વર્તન માટે આકરી સજા પણ ફરમાવી શકે છે અને તે માટે તેમને ભારતનો કોઈ કાયદો રોકી ના શકે કારણકે તેઓ ભારતના "રાજા" છે!! ભારતના બંધારણે આ પદ ને "રાષ્ટ્રપતિ" નામ આપ્યું છે તો આ હલકટ બનેલા નેતા તેમને કેવી રીતે "રાષ્ટ્રપત્ની" નામથી સંબોધી શકે? શુ ભારતના આ ઉચ્ચ પદ ઉપર એક મહિલા બિરાજમાન છે એટલે??? શું તે એક આદિવાસી નેતા છે એટલે?? અરે ભાઈ અધિરંજન તમે અને તમારી કોંગ્રેસ તમામ મર્યાદાઓ ઓળંગી ગયા છો એટલે તમારો અંત નિશ્ચિત છે તેવું આ થર્ડ અમ્પાયરને દેખાઈ રહ્યું છે... એક "ભીમ" બનીને સ્મૃતિજી તમારી ઉપર ત્રાટકયા પણ તમારા પ્રમુખ નેતા સોનિયાજી મૌન બનીને ધૃતરાષ્ટ્રની માફક ચૂપ રહ્યા એનો સીધો મતલબ એ છે કે અધિરંજનની આ વાત આજના ધૃતરાષ્ટ્રને પણ ગમી છે... લાગે છે આજે એક નવુ મહાભારત આકાર લઈ રહ્યું છે!! જો એવું ના હોત તો ખુદ સોનિયાજી સંસદમાં મોજૂદ હતા તો તેમણે પોતાના નેતા અધિરંજનને ટોકયા પણ હોત અને રોક્યા પણ હોત!! સંસદમાં મોજુદ સોનિયાજી આ સમયે ધૃતરાષ્ટ્ર બનીને સાંભળતા રહ્યા અને ઉલટાનું સ્મૃતિજીને બોલ્યા કે- "આઈ ડોન્ટ ટોક વિથ યુ" !! અરે ઈટલીથી પધારેલા સોનિયાજી તમારે કમસે કમ તમારા નેતાને તેમના વક્તવ્ય દરમ્યાન રોકવા જોઈતા હતા તો કદાચ તમે આજના "વિકર્ણ" તો કહેવાતા!! દ્રૌપદીજી રાષ્ટ્રપતિના ઉમેદવાર તરીકે જાહેર થયા ત્યારે પણ કોંગ્રેસ નેતાઓ તેમને ભાજપની કઠપૂતળી એવું બોલીને અપમાનિત કરી રહ્યા હતા.

ભારતના રાષ્ટ્રપતિને એક રાષ્ટ્રપત્ની બોલવું એ ગંભીર ગુન્હો છે, "રાષ્ટ્રપતિ" એટલે "રાજા" અને તેમના માટે ક્યારેય એલફેલ ના બોલી શકાય પણ પતનના માર્ગ ઉપર આગળ વધી રહેલી કોંગ્રેસને કોણ સમજાવે?? અધિરંજન એ છેલ્લા ૨૫ વર્ષથી કોંગ્રેસના સક્રિય નેતા છે પણ તેમને બોલવાનું બિલકુલ ભાન નથી. તેઓએ બોલવામાં અગણિત ભૂલો અગાઉ પણ કરી છે છતાંય કોંગ્રેસ તેમને દુશાશનની માફક પ્રોત્સાહિત કરી રહી છે... તેમણે મોદીજી અને અમિત શાહને ઘૂસપેઠીયા કહીને સંબોધ્યા હતા તો NRC મુદ્દે તેમની ભાષા લજ્જાસ્પદ હતી!! કાશ્મીર મુદ્દે પણ વિવાદમાં હતા તો એક સંસદ તરીકે બે બંગલા લઈને બેઠા હતા જેમાંથી તેમને એક બંગલો ખાલી કરાવવાની સરકારને ફરજ પડી હતી... ED એ રાષ્ટ્રની આર્થિક ચોરીને રોકવા માટેની સરકારની માન્યતાવાળી સંસ્થા છે જેના અધ્યક્ષ માટે "ઇડીયેટ" એવા શબ્દો કાઢનાર પણ આ જ અધિરંજન હતા પણ કોંગ્રેસ છતાંય તેમને દુશાશનની માનીને પોષી રહી છે...

અગાઉ અનેક વિવાદાસ્પદ નિવેદનો આપનાર અધિરંજનજીએ નિર્મલા સીતારમન માટે પણ હલકા શબ્દોનો પ્રયોગ કર્યો હતો...શા માટે કોંગ્રેસ આવા હલકટ વૃત્તિના નેતાને છાવરે છે તેનો જનતા જવાબ માંગે છે!! કોંગ્રેસના સોનિયાજીને હિન્દી આવડતું નથી, રાહુલ ગાંધી હંમેશા ભાંગરો વાટે છે અને દુ:ખની વાત એ છે કે અધિરંજન જેવા કેટલાક નેતાઓ સોનિયાજીને સારા થવા માટે બેફામ વાણી વિલાસ કરતા રહ્યા છે!! કોંગ્રેસ નેતૃત્વ ધૃતરાષ્ટ્રની માફક સત્તા લાલસામાં તેમના નેતાઓની ભૂલોને સતત નજરઅંદાઝ કરતું રહ્યું છે તેવું થર્ડ અમ્પાયરનું માનવું છે!! સ્મૃતિજી તમે સમજી શકો છો કે આ કોંગ્રેસને પરાજય તો સ્વીકાર છે પણ ક્યારેય સત્ય સ્વીકારવું નથી આ હકીકત છે..

રક્તદાન મહાદાન

MPHW પરીક્ષા વિવાદ : અરવલ્લીના વિદ્યાર્થીઓએ કલેકટરને આવેદન આપ્યું

પરીક્ષામાં બોગસ સર્ટી મેળવી પરીક્ષા આપ્યાનો આક્ષેપ

મોડાસા, તા. ૩૦

૨૬ જૂન ૨૦૨૨ ના રોજ MPHWની પરીક્ષા લેવામાં આવી હતી , જેમાં અમુક અસામાજીક તત્વો દ્વારા ડમી-બોગસ સર્ટી મેળવીને પરીક્ષા આપેલ છે અને પ્રમાણપત્ર ચકાસણીમાં જવાના છે તો તેની યોગ્ય તપાસ કરી રોકવામાં

આવે તેવી માંગણી સાથે અરવલ્લી જિલ્લા કલેક્ટરને વિદ્યાર્થીઓએ આવેદન આપ્યુ હતું. MPHW માં ઘણા ઉમેદવારોએ લાયકાત માટેના જરૂરી સર્ટિફિકેટ બોગસ-ફોર્ડ રીતે પ્રાપ્ત કરેલ છે જે ઓએ આ ફિલ્ડની કોઈ તાલીમ અને અભ્યાસ કરેલ નથી. આવા વ્યક્તિ જાહેર જનતાના સ્વાસ્થ્ય સાથે પણ ચેડા કરી શકે છે, જેથી આવા ડમી ફોડ/બોગસ સર્ટિફિકેટ ધારકોને રોકવામાં આવે અને તેની ઉપર કાયદેસરની કાર્યવાહી કરવી જોઈએ. અમુક યુનિવર્સીટી દ્વારા ઘણા ઉમેદવારને પાછળના (૨૦૨૧, ૨૦૨૦, ૨૦૧૯) વર્ષના બોગસ ડમી સર્ટિફિકેટ આપવા આવેલ છે અને જો તપાસ કરાવવામાં આવે તો ઘણું મોટું કૌભાંડ બહાર આવે તેમ છે તેમાં રાજકીય વગ ધરાવતા ઉમેદવાર દ્વારા આવા બોગસ સર્ટી ખરીદીને પરીક્ષા આપી નોકરી લેવાની તકમાં છે. આવા ઉમેદવારને રોકવા જરૂરી છે જો રોકવામાં નહીં આવે તો યોગ્ય ઉમેદવારની હક્કની જગ્યા પર આવી જશે, તે બિલકુલ યોગ્ય નથી તેથી તેની યોગ્ય તપાસ કરવામાં આવે તો ઘણા ડમી સર્ટી વારા ઉમેદવાર પકડાય તેમ છે. આવી યુનિવસટી જે બોગસ સર્ટી આપે તેને આજે નહી રોકવામાં આવે તો ભવિષ્યમાં હજુ આવા સર્ટી આપી આરોગ્ય સાથે છેડા કરતા રહેશે. આવી યુનિવસટી અને ડમી ઉમેદવારને પકડી અને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી છે. લોકમુખે સાંભળેલ વાત મુજબ ૨૦૧૨થી અત્યાર સુધીમાં ઘણા ઉમેદવાર ડમી બોગસ સર્ટીફીકેટ લઈ નોકરી કરી રહ્યા છે અને તારીખ ૨૬/૦૬/૨૦૨૨ના રોજ લેવાયેલ એમપીએચડબલ્યુ પરીક્ષાની ભરતી પ્રક્રિયામાં આવવાની તૈયારીમાં છે તેથી ડોક્યુમેન્ટ યોગ્ય રીતે તપાસ કરવામાં આવે તો ઘણા ઉમેદવાર સામે આવી શકે તેમ છે. ડોક્યુમેન્ટ તપાસવામાં સમય વધુ રાખી એક એક ડોક્યુમેન્ટ ચોકસાય પૂર્વક તપાસવામાં આવે અને જે ફોર્ડબોગસ સામે આવે તેવા (ઉમેદવાર યુનિવસટી) પર યોગ્ય કાર્યવાહી કરી ભવિષ્યમાં આવા ફોર્ડ કરી ના શકે તેવી સજા આપી હજારો લાયક ઉમેદવારને ન્યાય મળે તેવી માંગણી છે. જે ઉમેદવાર જન્મથી જ કોઈ પણ રીતે ખોટ ખાપણ (અપંગતા) ધરાવતા નથી અને અપંગના બોગસ સર્ટીફીકેટ બનાવી જે જન્મથી ખોટ ખાપણ ધરાવે છે તેવા ઉમેદવારની જગ્યાએ આવવાના પ્રયત્ન કરતા હોઈ છેજેથી અપગ ઉમેદવારના ડોક્યુમેન્ટની યોગ્ય તપાસ કરવામાંઆવેતેવી માંગણી કેટલાક વિદ્યાર્થીઓએ કરી છે અને આ બાબતે જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવ્યુ હતું.